# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય

## ગુજરાત વિધાનસભા, ગાંધીનગર

<u>અખબારી યાદી</u> તા.૧૩–૧૧–૨૦૦૯

ગરીબ લોકોને રોજી માટે સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના સરકારે આપી છે તેના કરોડો રુપિયાની ખાયકી ગુજરાતની ભા.જ.પ. સરકાર દ્વારા કરવામાં આવી છે. ખાલી બારદાનો માટે ખાલી બારદાનોની ખરીદીનું બીલ જે દુકાનના નામે ઉધારવામાં આવ્યું છે તે નામની કોઈ દુકાન નોંધાયેલી નથી. બેનામી દુકાનના નામે ખોટા બિલો ઉપર સેલ્સટેક્ષ નંબર લખવામાં આવ્યો છે. પરંતુ માહિતી અધિકાર નીચે સેલ્સટેક્ષ ઓફિસ દવારા પણ આ નામની કોઈ દુકાન નોંધાયેલી નહીં હોવાનું લેખિતમાં જણાવવામાં આવ્યું છે.

અસંખ્ય વ્યકિતઓએ બોરીબંધના કામમાં મજૂરી કરી છે તેમ કરીને નાણાં ઉપાડી લેવામાં આવ્યા છે. આર.ટી.આઈ. નીચે જેમના નામે નાણાં ઉપાડવામાં આવ્યા છે. તેમની યાદી મેળવ્યા બાદ આ વ્યકિતઓનો સંપર્ક કરતાં એ વાતનો પર્દાફાશ થયો છે કે, બોરીબંધ મજૂર તરીકે જેમને ગણાવીને અંગુઠો મારી પૈસા ઉપાડી લેવામાં આવ્યા હતાં. તેવા વ્યકિતઓ ખરેખર મજૂરી કામે ગયા જ ન હતાં. આ પૈકીના શ્રી લાભુજી ખોડાજી ઠાકોરના નામે અંગુઠો મારી મજુર ગણી નાણાં ઉપાડવામાં આવ્યા હતાં. પરંતુ આ શ્રી લાભુજી ખોડાજી ઠાકોર સંસ્કારધામ ઉચ્ચ.ઉ.બુનિયાદી વિદ્યાલય ખાતે ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા પાસ કરેલ શિક્ષીત વ્યકિત છે અને તેઓ કયારેય અંગુઠો મારતા નથી. શ્રી લાભુજી ખોડાજી ઠાકોર શિક્ષીત હોવા અંગેનું પ્રમાણપત્ર આર.ટી.આઈ. નીચે મેળવીને પત્રકારો સમક્ષ રજુ કરવામાં આવ્યું હતું. જેમના નામે અંગુઠાઓ લગાવીને નાણાં ઉપાડવામાં આવ્યા હતાં તેવા અનેક વ્યકિતઓએ એફિડેવીટ કરી આપીને જાહેર કર્યુ હતું કે તેઓએ કોઈપણ પ્રકારના બોરીબંધ કે કોઈપણ ખેડૂતના ખેતરમાં બંધ બનાવેલા નથી. મસ્ટરમાં મજૂર તરીકેનું ખોટું નામ નોંધીને સરકારી નાણાંનો દુરપયોગ કરી ભ્રષ્ટાચાર કરવામાં આવેલ છે. સોગંદ ઉપર જાહેર કરવામાં આવ્યું હતું કે તેમને કોઈપણ પ્રકારનું મહેનતાણું કે અનાજની કૂપન મળેલી નથી. આ પ્રકારના અનેક સોગંદનામા પત્રકારશ્રીઓ સમક્ષ રજુ કરવામાં આવ્યા હતાં.

સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના નીચે મજૂરોને બોરીબંધમાં કામ શરુ થયા તારીખ, તેમજ વાઉચર નંબર તથા તારીખ, હાજરી પત્રક ઈસ્યુ કરવાનું નામ અને સહી, હાજરીપત્રક આપ્યાની તારીખ વિગેરે કોલમો ભરવાના હોય છે તેના બદલે આ તમામ કોલમો ખાલી રાખી નિયમ વિરુધ્ધ હાજરીપત્રક બનાવી સરકારી નાણાંની કરોડો રુપિયાની ઉચાપત ગુજરાતમાં છડેચોક થઈ રહી છે. સરકારશ્રીના સીધા આશીર્વાદથી આ પ્રકારની ઉચાપત ચાલતી હોવાથી જવાબદાર સરકારી અધિકારીશ્રીઓ પણ આ અંગે કોઈ પગલાં ભરતા નથી.ઉપરોકત બાબત અંગેની સંપૂર્ણ માહિતી વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે પત્રકાર પરિષદમાં દસ્તાવેજી પુરાવા સાથે આપી હતી.

ગુજરાતમાં ચોમાસું લગભગ પૂર્ણ થવા આવ્યું ત્યારે ચાલુ વર્ષે ઓગસ્ટ માસમાં એક લાખ બોરીબંધ બનાવી દીધા છે તેવી જાહેરાત ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ પોતે કલાકોમાં આ બોરીબંધ બની ગયા છે તેવી જાહેરાત કરી હતી. આ બોરીબંધ હકીકતમાં પ્રજાના નાણાંનું વ્યય અને ભ્રષ્ટાચાર માટેનાં હતાં. એક બોરીબંધની અંદાજીત કિંમત દસ હજાર ગણીએ તો બનેલા કુલ દસ હજાર બોરીબંધની કુલ કિંમત એકસો કરોડ

રુપિયા જેટલી થાય. તદ્દન કાગળ પર આ બોરીબંધો બનાવી વિકાસનો દેખાવ ઉભો કરી તદ્દન બેનામી નામે વાઉચરો બનાવી સો કરોડ રુપિયા જેટલો ભ્રષ્ટાચાર ગુજરાત સરકારે કર્યો છે. તેમના આ બોરીબંધ અંગેના ભ્રષ્ટાચારની જાત માહિતી મેળવ્યા બાદ આરટીઆઇ કાયદા નીચે દસ્તાવેજી પુરાવોઓ મેળવતા એ વાત સ્પષ્ટ થઇ છે કે હું ખાતો નથી અને ખાવા દેતો નથી તેમ કહેનાર ગુજરાતના મુખ્યમંત્રીશ્રી રાજયના કરોડો રુપિયા પોતે ખાય છે અને પોતાના લોકોને ભ્રષ્ટાચારથી ખવરાવે છે.

---

પ્રતિ,
તંત્રીશ્રી,

સદરહુ પ્રેસનોટ આપના અખબારમાં પ્રસિધ્ધ કરવા માન.વિરોધપક્ષના નેતાશ્રીએ વિનંતી કરેલ છે.

**(જે.જે.રસાણીયા)**
અંગત મદદનીશ